# પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી

☞ **પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી નવીન લાયસન્સ મેળવવા માટેની અરજીઓ** અરજદારશ્રી દ્વારા જે શહેર/જીલ્લા ખાતેથી સિક્યરીટી ઓફીસ રાખેલ હોય તે વિસ્તારના લાગતા વળગતા પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીનાઓની કચેરીએ ચેક લીસ્ટ મુજબના દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.

(ચેક લીસ્ટની નકલ સામેલ છે)

☞ **પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી રીન્યુ/હદ વધારના લાયસન્સ મેળવવા માટેની અરજીઓ અંગે** લાયસન્સ ધારકે જે શહેર/ જીલ્લાઓમાંથી અરજી કરી લાયસન્સ મેળવેલ હોય, તે શહેર/જીલ્લાઓ ખાતે ચેક લીસ્ટ મુજબના દસ્તાવેજો, ઉપરાંત તેઓના ગાર્ડ/સુપરવાઇઝરના પોલીસ વેરીફીકેશન તથા પી.એફ. નંબર તથા ગાર્ડ/ સુપરવાઈઝરને તાલીમ આપ્યા અંગેના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.

☞ પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકશ્રી તરફથી અરજદારશ્રીની નવીન લાયસન્સ માટેની અરજી તથા રીન્યુ/ હદ વધારાની અરજીની સંપુર્ણ ચકાસણી થઇ તેઓના અભિપ્રાય (એન.ઓ.સી) સાથે રેન્જ વડાશ્રીના અભિપ્રાય સહ અત્રેની કચેરીએ (કંટ્રોલીંગ ઓથોરીટી અને અધિક પો.મહાનિદેશકશ્રી(કા.વ્ય), ગુ.રા., ગાંધીનગર) મોકલવામા આવે છે.

☞ કંટ્રોલીંગ ઓથોરીટીશ્રી દ્વારા મળેલ અરજીઓની નિયત નમુના મુજબ તમામ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના નવીન/ રીન્યુ/ હદવધારાના લાયસન્સ ઈસ્યુ કરવામા આવે છે.

☞ તા.૧૫/૦૨/૨૦૧૬ના ગૃહ વિભાગ નોટીફીકેશનથી નિયત કરેલ નમુના મુજબના ફોર્મ-૧ તથા ફોર્મ- ૫ નવીન ફોર્મમાં ફોટો ગેઝેટેડ અધિકારશ્રીનાઓ મારફતે વેરીફાઇ કરાવીને અરજી કરવાની રહેશે જે ફોર્મની નકલ સામેલ છે.

**નોંધઃ-** લાયસન્સ રીન્યુ કરવા અંગે પી.એસ.એ. એકટ-૨૦૦૫ મુજબ લાયસન્સની મુદત પુરી થતી હોય, તે અગાઉ ૪૫ દિવસ પહેલા નિયત ફોર્મમાં અરજી કરવાની થાય છે.

## પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી માટે અરજદારશ્રીએ રજુ કરવાના દસ્તાવેજો.

૧) ફોર્મ નંબર ૧ અને ૫ ની સંપૂર્ણ વિગત

૨) અસલ એફિડેવિટ ( લેખિત બાહેધરી )

3) ઓળખના પુરાવા

( ચૂંટણી કાર્ડ / આધાર કાર્ડ / ડ્રાઇવીંગ લાયસન્સ / પાનકાર્ડ / પાસપોર્ટ )

૫) રહેણાંકના પુરાવા

( ઇલેકટ્રીક બિલ / રેશન કાર્ડ / ટેક્ષબિલ / ટેલીફોનબીલ )

૬) આઇ.ટી.રીટર્ન

૭) સંસ્થાનું પ્રમાણપત્ર

૯) રાજ્ય બહારના વતની હોય તો મુળ જીલ્લા પોલીસ વડાનું વેરીફીકેશન

| અ.નં. | લાયસન્સ ફી તેમજ વેરીફીકેશન અંગેની વિગત | લાયસન્સ ફી./- | વેરીફીકેશન ફી/- |
|---|---|---|---|
| (૧) | ૧ (એક) જીલ્લા માટેની ફી | ૫૦૦૦/- | ૫૦૦/- |
| (૨) | ૫ (પાંચ) જીલ્લા માટેની ફી | ૧૦,૦૦૦/- | ૫૦૦/- |
| (3) | સમગ્ર ગુજરાત રાજ્ય માટેની ફી | ૨૫,૦૦૦/- | ૫૦૦/- |

નોંધ:- ભાગીદારો એક કરતા વધારે હોય ત્યારે વ્યક્તિદીઠ ફોર્મ-૧ તથા એફિડેવિટ તેમજ રૂ/-૫૦૦ વેરીફીકેશન ફી અલગ થી ભરવાની રહેશે.